Teachingninja.in

Latest Govt Job updates

Private Job updates

Free Mock tests available

Visit - teachingninja.in

# GPSC
# DYSO

## Previous Year Paper

### Mains Gujarati Language 2016

Teachingninja.in

No. of Pages : 4

# Code : AIM-01
# Subject : Gujarati
## Question Paper

Max. Marks : 100

પ્ર.- ૧. નીચેનામાંથી આશરે ૪૦૦ શબ્દોમાં કોઈપણ એક વિષય ઉપર નિબંધ લખો. **20**

(૧) સિનેમાનો સમાજ પર પ્રભાવ

(૨) વરસાદ ભીંજવે

(૩) સામ્પ્રત લોકશાહી ગરવી કે વરવી?

(૪) યુવાવર્ગમાં વધતી જતી વ્યસન પ્રવૃત્તિ – ચિંતા અને ચિંતન

પ્ર.- ૨. નીચેનામાંથી કોઇપણ બે નો વિચારવિસ્તાર કરો. **10**

(૧) આખરે તો બધા માત્ર નટ થાય છે,
મૂળ માણસ અહીં ક્યાં પ્રગટ થાય છે.

(૨) ગમતું મળે અલ્યા, ગુંજે ન ભરીએ
ને ગમતાંનો કરીએ ગુલાલ

(૩) ના હિન્દુ નીકળ્યા ન મુસલમાન નીકળ્યા
કબરો ઉઘાડી જોયું તો ઇન્સાન નીકળ્યા.

(૪) બસ એટલી સમજ મને પરવરદિગાર દે,
સુખ જ્યારે જ્યાં મળે ત્યાં બધાના વિચાર દે

પ્ર.- ૩. નીચેનાં પરિચ્છેદનું અંગ્રેજીમાં ભાષાંતર કરો. **10**

સૃષ્ટિના આરંભથી જ માનવને જે અશક્ય જણાયું તેના માટે પ્રયત્નો કર્યા છે. આ સંદર્ભમાં માનવ અન્ય પ્રાણીઓ કરતાં અલગ છે. માનવની સાહસ માટેની ભૂખ શાશ્વત છે. તેનાં પરિણામે અનેક રહસ્યોનું ઉદ્ઘાટન થયું તેમજ અનેક શોધ થઈ. માનવજિજ્ઞાસા અનંત છે. તેનાં જ કારણે અવકાશયાત્રા તેમ જ ચંદ્રારોહણ થયાં છે. દ્રષ્ટ જગતની પાર જવાની ઈચ્છા માનવમાં અનેક સ્વરૂપે પ્રગટ થાય છે. એવરેસ્ટ વિજેતા તેન્ઝીંગ કે 'સાત સમુદ્ર' વિજેતા મિહિરસેનની પાછળ આવી અદમ્ય ઈચ્છા જ હતી. અવકાશયાત્રી આર્મસ્ટ્રોંગ અને તેના સાથીદારોએ, ચન્દ્રની ધરતી ઉપર પદાર્પણ કરીને સાબિત કર્યું છે કે જ્યાં સુધી સમગ્ર વિશ્વ ઉપર વિજય નહી મેળવાય ત્યાં સુધી માનવને વિશ્રામ થવાનો નથી.

P.T.O.

Teachingninja.in

પ્ર.- ૪. (અ) તમે જોયેલા રેલઅકસ્માતનો અહેવાલ તૈયાર કરો. 10

અથવા

(બ) તમારા વિસ્તારમાં ઘણાં વખતથી અનિયમિત બસવ્યવહાર છે. આ અંગે સંબંધિત અધિકારીને અરજી કરો.

પ્ર.- ૫. (અ) તમારા મિત્રને ખેલરત્ન પુરસ્કાર મળ્યો છે, તે બદલ તેને અભિનંદન આપતો પત્ર લખો. 10

અથવા

(બ) તમારા આરોગ્યકેન્દ્રના કથળેલાં વહીવટની ફરિયાદ કરતો પત્ર રાજ્યનાં આરોગ્યપ્રધાનને લખો.

પ્ર.-૬. (અ) તમારા વિસ્તારની શાળામાં મધ્યાહ્ન ભોજન યોજનામાં ચાલતા ભ્રષ્ટાચાર અંગેની માહિતી આપતું ચર્ચાપત્ર વર્તમાનપત્રના તંત્રીને લખો. 5

અથવા

(બ) વર્તમાનપત્રમાં પ્રગટ થતાં સમાચારનાં સ્તર વિશે તમારા વિચારો પ્રગટ કરતું ચર્ચાપત્ર-વર્તમાનપત્ર માટે તૈયાર કરો.

પ્ર.- ૭. (અ) જીવદયા અને જાહેર હિતને ધ્યાનમાં રાખી ઉત્તરાયણ ઉત્સવમાં ચાઈનીઝ દોરી અને બલૂન ન ઉડાડવા વિશે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીનું પ્રજાજોગ નિવેદન તૈયાર કરો. 5

અથવા

(બ) ચૂંટણીને અનુલક્ષીને જિલ્લામાં હથિયારબંધી અંગે જિલ્લા કલેક્ટરનું પ્રજાલક્ષી નિવેદન તૈયાર કરો.

પ્ર.- ૮. નીચેનાં પરિચ્છેદનું ૧/૩ ભાગમાં સારલેખન કરો. 5

આ કારણે જ કેળવણીનું કે સંસ્કારપ્રદાનનું મહત્વ છે. પછી ભલે તે કુટુંબ મારફત અપાય, શાળા મારફત અપાય, સાહિત્ય, સત્સંગ કે પ્રવાસ મારફત અપાય, પણ તે પ્રાપ્ત સંસ્કાર છે. બહુ બહુ મહેનત-મંથન-સંશોધનને અંતે એ હાથ આવે છે, અને તે બહુ જતનથી આપીએ તો જ રહે છે.

પણ માનીએ કે આવું કરવાનું કેટલોક કાળ અટકી ગયું, પણ તેથી પેલો વિચાર સાવ નાબુદ નથી થતો. કોઈ કર્મનો સાવ નાશ થતો નથી, તો સત્કર્મનો પુણ્યલોપ કેમ થાય ? ભોંયમાં વરસાદની આશાએ પડી રહેલ બીની જેમ આ સંસ્કારની છાપ સૃષ્ટિનાં ગૂઢ આંતરમનમાં પડી રહે છે અને વરસાદ પડતાં તે પ્રગટે છે. આપણે પાણી ટોવાનું બંધ ન કરીએ.

હા, સાચી વાત આપોઆપ જીતી જાય છે તે પણ ઘણાં પરિસ્વપ્નોમાંનું એક રૂપાળું પરિસ્વપ્ન છે. આપોઆપ કશું થતું નથી. કર્મ સાતત્ય સાવધાન સ્મૃતિથી કર્મસાતત્યથી ઈષ્ટ સિદ્ધ થાય છે, ભલે લાંબેગાળે.

– મનુભાઈ પંચોળી 'દર્શક'

Teachingninja.in

પ્ર.- ૯. નીચે આપેલો ગદ્યખંડ વાંચી, તેના આધારે પૂછેલા પ્રશ્નોનાં જવાબ તમારી ભાષામાં લખો. 5

લોકતંત્રના અનેક આધારો છે. એ બધામાં એક મુખ્ય અને મહત્વનો આધાર હોય તો તે પ્રત્યેક વ્યક્તિએ વિશાળ લોકસમુદાયનાં હિતમાં પોતાનાં સ્વાર્થ અને લાભ મેળવવાની દ્રષ્ટિ જતી કરવી તે છે. જો આપણે આપણાં સમગ્ર ઈતિહાસનાં વિશાળ ફલકનું ઉડતી નજરે અવલોકન કરીશું તો એ જણાયા વિના નહીં રહે કે આપણાં દેશમાં સારાનરસાનો વિચાર કર્યા વિના બીજાનાં હિતના ભોગે સ્વાર્થ સાધવાની વૃત્તિએ હંમેશાં સર્વનાશ નોતર્યો છે. આજે પણ આપણે શું જોઈએ છીએ ? નાના-મોટા અમલદારો પોતાની જવાબદારી પ્રત્યે બેપરવાઈથી વર્તે છે. જ્યાં જુઓ ત્યાં ઓછું કામ કરવાની ભાવના છે. કેળવણી પામેલાં લોકોમાં પણ બીજાનું હિત વિચારવાની ભાવના ક્યાં દેખાય છે ? આ બધું આપણને ક્યાં દોરી જશે ? આપણે ત્યાં લોકોનું રાજ્ય સ્થપાયું છે, પણ એને માટેનો મજબૂત પાયો નંખાયો નથી. એ એક વિવાદથી પર એવું સત્ય છે.

પ્રશ્નો :

(૧) લોકતંત્રનો મુખ્ય અને મહત્વનો આધાર ક્યો છે?

(૨) આપણાં દેશમાં કઈ વૃત્તિએ હંમેશાં સર્વનાશ નોતર્યો છે?

(૩) આપણાં દેશની અમલદારશાહીમાં કઈ ભાવના જોવા મળે છે?

(૪) આપણાં દેશ માટે વિવાદથી પર એવું સત્ય ક્યું છે?

(૫) આ ફકરાને તમે ક્યું શીર્ષક આપશો? જે યોગ્ય હોય.

પ્ર.- ૧૦. સુચના અનુસાર જવાબ લખો.

(ક) રુઢિપ્રયોગોનો અર્થ આપી, વાક્યમાં પ્રયોગ કરો. 2

(૧) આંગળીથી નખ વેગળા

(૨) રીંગણ ઉપર હિમ પડવું

(ખ) કહેવતોનો અર્થ આપો. 2

(૧) એક નન્નો સો દુઃખને હણે.

(૨) મૂઈ ભેંસના મોટા ડોળા

(ગ) સંધિનો વિગ્રહ કરો. 2

(૧) અધોમુખ

(૨) દુષ્ચિન્તા

(૩) મન્વંતર

(૪) તદનુસાર

Teachingninja.in

(ધ) સાચી જોડણી લખો. 2

(૧) કિમીયો

(૨) નીમણુક

(૩) ઓશિકું

(૪) શીંગોડું

(ચ) સમાસનો વિગ્રહ કરી તેને ઓળખાવો. 2

(૧) એકધારું

(૨) દ્વિવેદી

(છ) અલંકાર ઓળખાવો. 2

(૧) થાય છે મારી નજર જાણે હરણ

(૨) પહેલ પરથમ પાંખ દીધી ને પછી પીંજર ધર્યું

(જ) છંદ ઓળખાવો. 2

(૧) રચો, રચો ચંદનવાટિકાઓ
રાચોરચી કંચનસ્તંભમાળાં

(૨) ધમાલ ન કરો, જરાય નહિ નેત્ર ભીનાં થશો.

(ઝ) શબ્દસમૂહ માટે એક શબ્દ આપો. 2

(૧) જમીનની અંદર ગયેલો દરિયાનો ફાંટો.

(૨) લોકોમાં કીર્તિ મેળવવાની ઈચ્છા.

(ટ) (૧) કૌમુદી શબ્દનો <u>સમાનાર્થી શબ્દ</u> લખો. 1

(૨) જન્નત શબ્દનો <u>વિરુદ્ધાર્થી શબ્દ</u> લખો. 1

(ઠ) (૧) 'હું ગીત ગાઉં છું'- કર્તરિ વાક્ય બનાવો. 1

(૨) 'ગાંધીજી અમદાવાદ પહોંચી ન શક્યા.'- કર્મણી વાક્ય બનાવો. 1

Teachingninja.in